ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૨.૫ ડીગ્રી
લઘુતમ : ૨૪.૭ ડીગ્રી
ભેજ
સવારે ૮૧ ટકા ● સાંજે ૭૨ ટકા

# શ્રાદ્ધ પક્ષમાં ૬ પુણ્ય તિથિનો મહિમા મહત્વનો છે

## રવિવારે પિતાનું શ્રાદ્ધ અને સોમવારે નોમનું શ્રાદ્ધ છે



ગાંધીનગર, તા.૧૭

પુર્વજોની તૃપ્તિ માટે શ્રાદ્ધ પર્વ દરમિયાન પોતાના પિતૃઓની અવસાન તિથિએ અવશ્ય શ્રાદ્ધ કરવું જોઈએ. પરંતુ આ અંગે વધુ માહિતી આપતા જાણીતા જ્યોતિષી ચેતન પટેલે જણાવ્યું કે શ્રાદ્ધ પક્ષમાં આ ૬ પૂણ્ય તિથિઓને ચૂકી ન જવાય તે માટે તેનો મહિમા જાણવો ખૂબ જરૂરી છે અને તે અનુસાર શ્રાદ્ધ કરવું જોઈએ. હવે શ્રાદ્ધ પક્ષમાં મહત્વના એવા દિવસો નજીક આવ્યા છે જેમાં ખાસ આપણે જેમ તિથિએ શ્રાદ્ધ કરીએ છીએ તે તો જરૂરી જ છે, પરંતુ અન્ય રીતે જેવી કે શ્રાદ્ધ પક્ષમાં અમુક તિથીના શ્રાદ્ધ પક્ષના દિવસોને વિશિષ્ટ કારણસર વિશેષ નામ અર્પણ કરાયા છે અને તે અનુસાર શ્રાદ્ધ કરવાનો પણ ખુબ મહિમા છે.

શ્રાદ્ધમાં આ પરમપુણ્ય દિવસો જેવા કે

૧) આઠમનું શ્રાદ્ધ જેને પિતાનું શ્રાદ્ધ કહેવાય અને પૂર્ણિમા શ્રાદ્ધ કહેવાય છે.

૧૮ સપ્ટેમ્બરે રવિવારના આઠમનું શ્રાદ્ધને પિતાનું શ્રાદ્ધ કે અષ્ટમી શ્રાદ્ધ પણ કહેવામાં આવે છે. કોઈ કારણસર પિતાની અવસાન તિથિ ખબર નથી કે તેમનું શ્રાદ્ધ કરી શકાયું નથી તો પિતાનું શ્રાદ્ધ આઠમે પણ કરી શકાય છે, તથા કોઈનું અવસાન પૂનમે થયું હોય તેનું પણ આ દિવસે શ્રાદ્ધ કરાય છે.

૨) નોમનું શ્રાદ્ધ જેને માતાનું માતૃશ્રાદ્ધ કહેવાય સૌભાગ્યવતી સ્ત્રીઓનું શ્રાદ્ધ કહેવાય છે.

૧૯ સપ્ટેમ્બર સોમવાર નોમનું સૌભાગ્યવતી શ્રાદ્ધ, નોમના શ્રાદ્ધને સૌભાગ્યવતી સ્ત્રીઓનું શ્રાદ્ધ કહેવામાં આવે છે. માતૃ શ્રાદ્ધ ગણવામાં આવે છે. તેથી ત્યારે એવી સ્ત્રીઓનું શ્રાદ્ધ કરાય કે જે પરિણીતા પતિ પહેલા સદગત થયેલ હોય તે મહિલાઓ અને માતાઓ માટે શ્રાદ્ધ કરવામાં આવે છે.

૩) બારસનું શ્રાદ્ધ જેને સન્યાસીનું શ્રાદ્ધ કહેવાય.

૨૨, સપ્ટેમ્બર ગુરુવારે બારસનું શ્રાદ્ધ ગણવામાં આવે છે. તેને સન્યાસી શ્રાદ્ધ પણ કહેવામાં આવે છે, માટે આ દિવસે એકાદશીએ પરલોક થયો હોય તેનું તો શ્રાદ્ધ કરી જ શકાય, પરંતુ જે લોકો સંસાર છોડી સંત મહાત્મા સાધુ બન્યા હોય તેનું પણ શ્રાદ્ધ આ દિવસે કરાય છે. કહેવાય છે કે આ દિવસે સંત મહાત્મા સાધુ સંન્યાસીઓ જે પિતૃ લોકમાં પહોંચ્યા છે તે શ્રાદ્ધ ની અપેક્ષાએ ભૂલોક માં આવે છે

૪) તેરસનું શ્રાદ્ધ સાથે મઘાશ્રાદ્ધ કહ્યું છે, જેને પણ અતિપવિત્ર ગણવામાં આવે છે.

૨૩ સપ્ટેમ્બર શુક્રવારના તેરસનું મઘા શ્રાદ્ધ ગણાશે, જેને પણ અતિપવિત્ર માનવામાં આવે છે. આ દિવસે ચંદ્ર મઘા નક્ષત્રમાં હોય છે અને શાસ્ત્ર અનુસાર આ નક્ષત્રના દેવ પિતૃ છે, માટે શ્રાદ્ધ પર્વમાં પિતૃઓ માટે આ દિવસે કરેલ શ્રાદ્ધ દાનપુણ્ય શ્રેષ્ઠ ફળ આપે છે.

૫) ચૌદસનું શ્રાદ્ધ અકાળે અકસ્માત અવસાન થયું હોય તેનું શ્રાદ્ધ કરાય છે.

૨૪ સપ્ટેમ્બર શનિવારના ચૌદશનું શ્રાદ્ધ ગણવામાં આવશે અકસ્માતે અકાળે મૃત્યુ થનારનું શ્રાદ્ધ આ દિવસે કરવામા આવે છે જે પિતૃઓનું કમોત થયુ હોય જેમકે આગથી, અકસ્માતથી, આપઘાતથી, પાણીમાં ડૂબી જવાથી, સાપ કે કોઈ હિંસક પ્રાણીથી, કે અન્ય કોઈ કારણસર અકાળ મૃત્યુ પામ્યા છે, તેઓનું શ્રાદ્ધ ચતુર્દશી તિથિ પર કરવું જોઈએ.

૬) અમાસનું શ્રાદ્ધ જેમાં સર્વ પિતૃઓનું શ્રાદ્ધ કરાય છે.

૨૫ સપ્ટેમ્બર રવિવારે સર્વ પિતૃ અમાસ ગણાશે. આ દિવસે તમામ પિતૃઓ પિતૃલોકથી પોતાના વંશજોને ત્યાં કે જ્યાં તેમની આશા હોય કે અહીંથી તેમને તૃપ્ત કરાશે તે તમામ સ્થાને કોઈપણ સૂક્ષ્મ સ્વરૂપે આવે છે. તેથી શાસ્ત્ર અનુસાર જે પિતૃદેવોની આપણને અવસાન તિથિની ખબર નથી યાદ નથી, તેવા તમામ પિતૃઓ-માતૃઓને યાદ કરી તેમનું શ્રાદ્ધ પિતૃપક્ષના છેલ્લા દિવસ એટલે કે સર્વપિતૃ અમાસે કરવાનું વિધાન છે.

કહેવાય છે કે આ દિવસે કરેલ શ્રાદ્ધથી પિતૃઓને શીતળતા અને અસીમ શાંતિ પ્રાપ્ત થાય છે, અને તેઓ પોતાના વંશજોને સંતતિ સમૃદ્ધિ સુખ શાંતિ ઐશ્વર્યા અને ઉત્તમ આરોગ્યના આશીર્વાદ આપી પિતૃલોક પાછા જાય છે. પિતૃ માટે વધુમાં ચેતનભાઈએ જણાવ્યું છે શ્રાદ્ધના ભોજનમાં ખાસ કરીને શુદ્ધ સાત્વિક ઘરેલુ વાનગી બનાવવી જોઈએ, તેમાં સવિશેષ દૂધપાક કે દૂધની ખીર નું ભોજન અવશ્ય રાખવું. સૌ કુટુંબના સાથે મળી પિતૃ તૃપ્ત થાય તેવા ભાવથી શ્રાદ્ધ કર્મ કરવું કાગડાઓને કાગવાસ, ગાય કૂતરાને ભોજન બ્રાહ્મણ અને ગરીબને ભોજન તેમજ દાન-દક્ષિણા કરી શ્રાદ્ધ કરવું.

## જે.બી.પ્રાથમિક શાળામાં બિસ્કીટ ટોપીંગ સ્પર્ધા






ગાંધીનગર, તા.૧૭

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત જે.બી.પ્રાથમિક શાળાના ધો.૬ના વિદ્યાર્થીઓ માટે બિસ્કીટ ટોપીંગની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૭૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જુદાજુદા પ્રકારના બિસ્કીટ અને અન્ય વસ્તુઓ સાથે અવનવા આકારો અને ડીઝાઈનો બનાવી ટોપીંગ કર્યુ હતું. શાળાના આચાર્ય નીવાબેન પટેલે ભાગ લેનાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા પ્રથમ યુવક મહોત્સવ-૨૦૨૨ 'અમૃતરંગ'નું આયોજન





ગાંધીનગર, તા.૧૭

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગરમાં યુનિવર્સિટી કક્ષાનો સૌપ્રથમ યુવક મહોત્સવ "અમૃતરંગ" ના શીર્ષક હેઠળ ઊજવાયો હતો. આજરોજ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનો જન્મદિવસ હોવાથી આ કાર્યક્રમની વિશિષ્ટ રીતે ઊજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત કલાયાત્રા દ્વારા કરવામાં આવી હતી, જેમાં યુનિવર્સિટીનો તમામ સ્ટાફ અને વિદ્યાર્થીઓ જોડાયા હતા. કલાયાત્રામાં યુનિવર્સિટીના અલગ-અલગ વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા અર્થસભર વેશભૂષા દ્વારા રાષ્ટ્રીય અસ્મિતાને ઊજાગર કરતી કૃતિઓ પ્રસ્તુત કરવામાં આવી હતી. ત્યારબાદ, ઉદ્ઘાટન સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉદ્ઘાટન સત્રમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના મા. કુલપતિ, પ્રખ્યાત શિક્ષણવિદ એવા ડૉ. હર્ષદભાઈ પટેલ દ્વારા પોતાના અધ્યક્ષીય ઉદ્બોધનમાં યુવા પ્રતિભાનું પ્રકટીકરણ કરવા આવા મહોત્સવનું વિશિષ્ટ મહત્ત્વ સમજાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત તેમણે તમામ વિદ્યાર્થીઓને આ પ્રસંગે વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. ઉદ્ઘાટન સત્રમાં અતિથિ વિશેષ તરીકે જાણીતા સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા, જેમણે તેમના ઉદ્બોધનમાં કલા, સાહિત્ય અને સંગીતનું જીવનમાં અનેરું મહત્ત્વ છે એવી વાત સુંદર રીતે સમજાવી હતી. આ સત્રમાં અગિયાર જાન્યુઆરી ૨૦૨૩ થી યોજાનાર અન્ડર ૧૧ એથ્લેટીક્સ મીટનું પોસ્ટર મહેમાનોની ઉપસ્થિતિમાં આદરણીય કુલપતિશ્રીના વરદહસ્તે ખૂલ્લું મુકવામાં આવ્યું હતું, જેમાં અગિયાર ઈવેન્ટ્સ માટે અગિયાર લાખના ઈનામો આપવામાં આવશે. ઉદ્ઘાટન સત્ર બાદ વિવિધ સ્પર્ધાઓ શરુ કરવામાં આવી હતી. આ મહોત્સવમાં પાંચ ધારા અંતર્ગત કુલ અગિયાર સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સ્કીટ, માઈમ, જૂથચર્ચા, કાવ્યપઠન, વકતૃત્વ, રંગોળી મેકિંગ વગેરે આવરી લેવામાં આવી હતી. સમાપન સત્રમાં તમામ વિજેતા વિદ્યાર્થીઓને મોમેન્ટો અને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમના સંયોજકની જવાબદારી ડૉ. પ્રશાંત પટેલ અને ભૈરવી દીક્ષિત દ્વારા વહન કરવામાં આવી હતી.

## ગાંધીનગર મહાનગરપાલિકાના મેગા સ્પોર્ટ્સ કાર્નિવલનું સમાપન



ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા રામકથા મેદાન ખાતે આયોજિત ત્રી-દિવસીય મેગા સ્પોર્ટ્સ કાર્નિવલનો સમાપન સમારોહ યોજાયો હતો. ગાંધીનગરના નગરિકોમાં સ્પોર્ટ્સ પ્રત્યે જાગૃતિ વધે તે હેતુ થી શરૂ કરેલ આ ત્રણ દિવસ મેગા સ્પોર્ટ્સ કાર્નિવલમાં કબડ્ડી, વોલિબોલ, હેન્ડબોલ, ગોળા ફેંક, ચક્ર ફેંક, ભાલા ફેંક, દોડ, કુદ, ફેંસિંગ જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સ્થાનિક રમતોને પ્રોત્સાહન આપવા માટેનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ વિવિધ રમતોમાં અંદાજિત ૫૦૦ જેટલા ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. અને આ ત્રણ દિવસના કાર્નિવલમાં અંદાજીત દસ હજારથી વધુ લોકો જોડાયા હતા. કાર્નિવલના સમાપન પ્રસંગે મેદાનમાં હાજર તમામ રમતપ્રેમીઓને મ્યુઝિક સાથે ઝુમ્બા કરાવીને વોર્મઅપ કરાવવામાં આવ્યું હતું. ત્યારબાદ વિવિધ સ્પોર્ટ્સ સ્પર્ધાના વિજેતા ખેલાડીને તેમજ વિજેતા ટીમને ઉપસ્થિત મહાનુભાવોના વરદહસ્તે પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. નેશનલ ગેમ્સના મેસ્કોટ સાથે ભવ્ય રેલી યોજી સ્પોર્ટ્સ કાર્નિવલનું સમાપન કરવામાં આવ્યું હતું. હજારોની મેદની વચ્ચે યોજાયેલા આ કાર્યક્રમમાં ગાંધીનગરના મેયર હિતેશભાઈ મકવાણા, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટે. કમિટી ચેરમેન જશવંતભાઈ પટેલ, નાયબ મ્યુનિસિપલ કમિશનર જી. આર. સોલંકી, ગૌરાંગભાઈ વ્યાસ, પદમસિંહ ચૌહાણ, ભરત ગોહિલ, રાકેશ પટેલ, કૈલાશબેન સુતરીયા, આર. આર. પટેલ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહીને સર્વેનો ઉત્સાહ વધાર્યો હતો. ગાંધીનગર મહાનગરપાલિકાના ચેરમેન જશવંતભાઈ પટેલે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસની શુભકામના પાઠવતા જણાવ્યું હતું કે,"નરેન્દ્રભાઈએ સમગ્ર દેશમાં રમત ગમત ક્ષેત્રે વિકાસ થાય તેવા વિવિધ આયામો થકી ગુજરાતને પણ મોટી ભેટ આપી છે"

## સે.૨૧ શોપિંગ સેન્ટર ખાતે પ્રધાનમંત્રીના જીવન અને કાર્યોની પ્રદર્શની ખુલ્લી મુકાઈ



ગાંધીનગર તા.૧૭

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિને શહેર ભાજપ દ્વારા સે.૨૧ ડિસ્ટ્રિક્ટ શોપિંગ સેન્ટર સ્થિત ગોપાલ ડેરી પાસે વડાપ્રધાનના જીવન, વ્યક્તિત્વ અને કાર્યોને પ્રદર્શિત કરતી પ્રદર્શની ખુલ્લી મુકવામાં આવી હતી. આ પ્રસંગે મહાનગરના પ્રભારી મોહનલાલ પટેલ, શહેર ભાજપ પ્રમુખ ઋચિર ભટ્ટ, મેયર હિતેશ મકવાણા, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટે.કમિટી ચેરમેન જસવંત પટેલ, મહામંત્રીઓ, કોર્પોરેટરો, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જીવન, વ્યક્તિત્વ અને કાર્યોને પ્રદર્શિત કરતી પ્રદર્શની ૧૮ સપ્ટેમ્બર સાંજે ૫.૦૦ કલાક સુધી ખુલ્લી રહેશે.

## પી.કે.ચૌધરી આર્ટસ કોલેજમાં આંતરરાષ્ટ્રીય તજજ્ઞ વ્યાખ્યાન યોજાયું



અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત પી.કે.ચૌધરી મહીલા આર્ટસ કોલેજમાં ગુજરાતી અને અંગ્રેજી વિભાગના સંયુકત ઉપક્રમે એક દિવસીય આંતરરાષ્ટ્રીય તજજ્ઞ વ્યાખ્યાન યોજાયું હતું. વિશ્વ હિન્દી પખવાડીયાની ઉજવણીના ભાગરૂપે યોજાયેલા આ વ્યાખ્યાનમાં પ્રીન્સીપાલ ડો.એમ.એમ.ચૌધરીએ ભુમિકા બાંધતા વિદેશમાં ભારતીય સાહિત્યના મહત્વ વિશે વાત કરી હતી. સમગ્ર કાર્યક્રમની બાંધણી અને વકતાઓનો પરિચય ડો.કનૈયાલાલ ભટ્ટે આપ્યો હતો. મુખ્ય વકતા ડો.દીપક પાણ્ડેયે સહાયક નિર્દેશક હિન્દી નિર્દેશાલય શિક્ષણ વિભાગ દીલ્હીએ વિદેશમા ભારતીય ભાષા સાહિત્યનું મહત્વ વિશે વાત કરી હતી.. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો.ગીતાબેન ચૌધરીએ કર્યું હતું.

## સરસ્વતી વિદ્યાલયમાં સ્ટુડન્ટ પોલીસ કેડેટ તાલીમ આરંભાઈ



સેકટર-૬માં સરસ્વતી વિદ્યાલયમાં શાળાના પ્રમુખ પ્રદીપસિંહ બિહોલા દ્વારા એસપીસી સ્ટુડન્ટ પોલીસ કેડેટ તાલીમની શરૂઆત કરવામાં આવી છે. આ તાલીમની સમગ્ર જવાબદારી શાળાના શિક્ષક મફતભાઈ પ્રજાપતિ અને આશાબેન દેસાઈ નિભાવે છે. વિદ્યાર્થીઓમાં શિસ્ત, સલામતી અને સ્વાસ્થ્ય તેમજ દેશપ્રેમની ભાવના જાગૃત થાય તેવો પ્રયાસ સરકાર દ્વારા થયો છે તેમાં સરસ્વતી વિદ્યાલયના વિદ્યાર્થીઓ સહભાગી થઈ તાલીમ મેળવી રહયા છે.



સરકારી પ્રાથમિક શાળા-પાલજમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૨ જન્મ પ્રસંગે રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું જેમાં વિદ્યાર્થી મિત્રો સ્ટાફ મિત્રો અને ગ્રામજનો આચાર્ય હિતેશભાઈ પટેલ એ ભાગ લીધો

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ.રાઠોડ નરેન્દ્રસિંહ કરણસિંહ** ઉ.વ.૪૪, સેકટર-૩૦
- **સ્વ.ત્રિવેદી રાહુલ પંકજભાઈ** ઉ.વ.૩૬, સેકટર-૩
- **સ્વ.સલાટ ભગાભાઈ શંકરભાઈ** ઉ.વ.૪૨, સે-૧૦બી છાપરા
- **સ્વ.પાટીલ મુરલીધર રામચંદ્ર** ઉ.વ.૮૯, સેકટર-૭

## જન્મદિને વધામણી



પુનિત ગિરીશચંદ્ર જાટકીયા
અરિહંત ક્રિએશન, સે-૨૧
મો. ૯૮૨૪ ૦ ૦૩૩૪૧



કાનન ઓઝા
મો. ૯૮૨૪૦ ૯૬૨૯૩



પ્રાચી પી શાહ



ધ્યાનમ અભિષેક ભટ્ટ
મો. ૯૪૨૯૦ ૨૧૯૦૩



દિશા પટેલ



રાજવીરસિંહ ખાચાર
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ



મહિપતસિંહ ગોહિલ
એન્જિનિયર, સિંચાઈ વિભાગ



ધ્યાના મણિયાર



રૂહિ સોલંકી



અમીન દેવલ પંકજભાઈ
મો : ૯૪૨૭૫ ૬૬૯૭૩



નિલેશ દીનેશભાઈ મકવાણા